કાંકરેજ તાલુકાના માઈનોર કેનાલમાં કનેકશન કપાતા ખેડૂતોમાં રોષ

એક બાજુ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો, જ્યારે બીજી બાજુ ખેડૂતો પાણી માટે વલખાં મારી રહ્યા છે

કાંકરેજ તાલુકામાંથી પસાર થતી મુખ્ય કેનાલમાંથી પસાર થતી માઈનોર કેનાલમાં એક મહીનાથી ખેડૂતો માં રોષ ફેલાયો હતો અને તાલુકા પસાર થતી કેનાલ ના વિસ્તારમાં આવેલ ટોટાણા. નર્મદાના અધિકારીઓ દ્વારા પાણી ના કનેક્શન કાપવામાં આવતાં પડ્યા ઉપર પાટુ જેવા હાલ થવા

રુવેલ અને આજુ બાજુના ગામોમાં પાણી ના પહોચતા નર્મદા વિભાગના અધીકારીઓ દ્વારા પોલીસ બંધોબસ સાથે ગેર કાનુની કનેસ્કનો અને અડચણ રુપી દબાણો ની જાખેલ માઇનોર કેનાલ માં કામગીરી હાથ ધરવામાં આવી આ કામગીરી ને લઇ ખેડૂતો માં રોષ જોવા મળ્યો હતો હાલ કાંકરેજ તાલુકા ને દુષ્કાળ જાહેર કરવામાં આવ્યો છે જેના લીધે ખેતરો માં પાણી ના હોવા ના કારણે પશુ પક્ષી અને માનવ જીવન ઉપર માઠી અસર જોવા મળી રહી છે ત્યારે સરકાર તરફથી નર્મદાના અધિકારી દ્વારા જેસીબી મશીન અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો અને ખેડૂતો માટે જીવાદોરી પાણી ના કનેક્શન કાપતાં કાંકરેજ સુદ્રોસન. ખારીયા. ભદરીવાડી. રૂવેલ. જાખેલ. શિરવાડા સહીત અનેક ગામના ખેડૂતો માટે હિજરત કરવાનો વારો આવશે તેવી શક્યતા ને નકારી શકાય તેમ નથી કારણ કે અગાઉ પુર હોનારત માં ભોગ બન્યા પછી દુષ્કાળ આવ્યો ત્યારે ખેડૂતો માટે અને પશુપાલન માટે ખતરો ઉભો થયો છે ત્યારે સરકાર દ્વારા યોગ્ય રીતે નિર્ણય લેવામાં આવે તો ખેડૂત અને પશુઓ ના જીવ બચાવવા માટે એજ માત્ર ઉપાય છે અને એ છે પાણી અને ઘાસ ચારો જો આ બનેં વસ્તુઓ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં નહિ આવે તો સરકાર સામે ખેડૂતો મોટું નુકસાન કરવાના મૂડમાં દેખાય છે તેમજ બોર માં પાણી ના તળ ઊંડા જતાં ખેડૂતો ની કપરી પરિસ્થિતિ અને પામ્યા છે ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં સરકાર ખેડૂતો ની વ્હારે આવે તે જરૂરી છે ખેડૂતો ના બિનકાયદેસર કનેક્શન તો ખરા પરંતુ માનવ જીવન અને પશુઓ પક્ષીઓ માટે પાણી જરૂરી છે જેથી કરીને પોતાના જીવન નિર્વાહ માટે ખૂબ જરૂરી છે તે પાણી સે અને જળ એજ જીવન તે સરકાર નું સૂત્ર સે એમાં ખેડૂતો નો સુ વાંક આ પરિસ્થિતિ ને કાંકરેજ તાલુકા ના ખેડૂતો ની કપરી પરિસ્થિતિ જોઈ કોંગ્રેસ ના અગ્રણી ડી. ડી. જાલેરા સહીત મોટી સંખ્યામાં ખેડુતો હવે આંદોલન ના મૂડમાં જોવા મળ્યા હતા અને સરકાર દ્વારા જો ટૂંક સમયમાં ખેડૂતો માટે રાહત નહિ આપવામાં આવે તો રસ્તાઓ ઉપર ઉતરી આવતા વાર નહિ લાગે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

આજે સાબરકાંઠા-અરવલ્લીનું દવા બજાર બંધ પાડશે

આરોગ્ય વિભાગના આદેશથી તાલુકા મથકે એક મેડીકલ સ્ટોર્સ ચાલુ રહેશે

હિંમતનગર, તા. ૨૭

સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલીક દવાઓના વેચાણ પર પ્રતિબંધ મુકીને આ વ્યવસાય સાથે સંકળાયેલા વ્યવસાયકારોને અન્યાય કરાઈ રહ્યો છે. ત્યારે તેના વિરોધમાં શુક્રવારે સાબરકાંઠા-અરવલ્લીનુ દવા બજાર બંધ રહેશે. જોકે જરૂરીયાતમંદોને દવા મેળવવા માટે કોઈ તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા તાલુકા મથકે એક દવાની દુકાન ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

આ અંગેની વિગત એવી છે કે કેન્દ્ર સરકાર દ્વારા અંદાજે ૨૫૦ થી વધુ કેટલાક ડ્રગ્સનુ દવાના વિક્રેતાઓ વેચાણ ન કરી શકે તેવી જોગવાઈ કરાઈ રહી છે અને આગામી દિવસોમાં તેનો અમલ પણ થનાર છે ત્યારે દવાનું વેચાણ કરતા કેમીસ્ટો ધંધા વિના બેકાર બની જાય તેવો સંભવ છે.

તો બીજી તરફ આવા પ્રતિબંધિત ડ્રગ્સ જરૂરીયાતમંદો ઓનલાઈન ખરીદીને મેળવી શકે તેવી જોગવાઈ સરકાર દ્વારા કરાઈ રહી છે ત્યારે કેમીસ્ટોનું માનવુ છે કે નિયમ સૌના માટે સરખા હોવા જોઈએ જે અંગે કેન્દ્ર સરકાર સમક્ષ અનેક વખત રજુઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ હકારાત્મક કાર્યવાહી થઈ નથી જેથી સમગ્ર દેશમાં દવા બજાર દ્વારા શુક્રવારે બંધ પાડવાનો નિર્ણય લેવાયો છે.

જેના ભાગરૂપે શુક્રવારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આવેલ દવાના વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખશે તો બીજી તરફ તંત્ર દ્વારા જરૂરીયાતમંદોને દવા મેળવવા માટે કોઈ તકલીફ ન પડે તે આશયથી દરેક તાલુકા મથકે એક મેડીકલ સ્ટોર્સ ચાલુ રાખવાના કરેલા આદેશ મુજબ બંને જિલ્લાના તાલુકા મથકે આવેલ મેડીકલ સ્ટોર્સ પૈકી એક મેડીકલ સ્ટોર્સ ૨૪ કલાક ખુલ્લો રહેશે.

ધાનેરામાં બાબા સાહેબની મૂર્તિ ખંડિત કરનાર સામે કાર્યવાહી અને મૂર્તિ રીપેર કરવાની માંગ કરી

જો માંગ પુરી નહિ થાય તો આવનારા સમય માં અમે ઉગ્ર આંદોલન કરશું : દલિત સમાજ

ધનિયાવાડા ગામે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરતા લોકોમાં ભારે રોહ જોવા મળી રહ્યો છે ત્યારે આજે ધાનેરામાં દલિત સમાજના આગેવાનો દ્વારા વિશાલ

રેલી કાઢી પ્રાંતઅધિકરી ને આવેદન પત્ર આપી ત્રણ દિવસ માં આરોપીને ઝડપી પાડો અને પ્રતિમાને રીપેર કરવાની માંગ સાથે આવેદનપત્ર આપ્યું હતુ.

અસામાજિક તત્વો દ્વારા બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને નુકશાન પહોંચાડતા દલિત સમાજ સહિત અન્ય સમાજમાં પણ ભારે રોષની લાગણી જોવા મળી રહી છે ત્યારે દલિત સમાજના અગ્રણીઓ દ્વારા આજે ધાનેરામાં વિશાલ રેલી યોજી ધાનેરાના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે જે અસામાજિક તત્વો દવરા આ કૃત્ય કરવામાં આવ્યું છે તેને તાત્કાલિક ઝડપી પાડો અને પ્રતિમા ને તાત્કાલિક રીપેર કરાવો નહીંતર આવનારા સમયમાં અમે ઉગ્ર આંદોલન કરશું.

તલોદમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ

તલોદ, તા. ૨૭

તલોદ વેપાર-વાણિજ્યક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. પરંતુ દેશભરમાં પેટ્રોલ-ડિઝલ અને ગેસના ભાવોમાં ધરખમ ભાવ વધારો થવાથી રોજીંદા જીવન જરૂરી શાકભાજી જેવી ચીજો ઉપર પણ માઠી અસર થવા પામી છે. નાના મધ્યમ અને હાથ મજૂરી જેવી આમપ્રજા મોંઘવારીની કાળજાળમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી રાજયની ૭૦ ટકા પ્રજા પર મોંઘવારીના સકંજામાં ફસાઈ છે. ત્યારે દિવાળી ખૂબજ નજીકમાં હોવાથી શાકભાજીના ભાવો પણ આસમાને પહોંચતા ઘર-ગથ્થુ ચલાવનારી ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે.

તલોદમાં સસ્તી મળતી શાકભાજીમાં આકસ્મીક ધરખમ વધારો થવાથી બટેકા ૬૦ કે.જી., લીલી ડુંગળી ૮૦ કે.જી., કુબી ૬૦ કે.જી., ટામેટા ૮૦ કે.જી., ફુલાવર ૬૦ કે.જી., રિંગણ ૮૦ કે.જી., ગિલોડી ૧૦૦ કે.જી., મરચા ૮૦ કે.જી., ગવાર ૮૦ કે.જી. અને શાકભાજી ઉપર મળતા ધાણા-મરચાં પણ ૧૦ કે ૨૦ રૂપિયા આપી લેવા પડે છે. આમ દિન પ્રતિદિન વધતા

શાકભાજીના ભાવો ઉપર બાંધેલી આવકવાળા ધંધાદારીઓ, નોકરીયાતો જેવી બહેનોમાં કિર્તીબેન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે પ્રવર્તમાન સરકારમાં શાકભાજી જેવી જરૂરી ચિજો ઉપર ભાવો ધરખમ વધતાં ઘરનું બજેટ ખોરવાયુ છે.

શાકભાજીમાં ભાવો વધતા ઘર-ગથ્થુ બીજી ચીજો ઉપર ખરીદી માંડી વાળવી પડે છે. અથવા તો કરકસર કરી માસિકવાળુ બજેટમાં મહિનાના અંતમાં ઘણીજ કઠીનાઈ પડે છે. નજીવા દિવસોમાં હાથ ઉછીના અથવા બાકી રાખી ઉધારા કરવા જેવી પરિસ્થિતિ કાબુ કરવલા ગૃહિણીઓની માંગ ઉઠી છે.

પ્રાંતિજમાં શહીદવીર સ્મારક લાપતા

સ્મારકમાં લગાવેલ તકતીના એ ચાર ટુકડાઓ થઇ કચરામાં ગયા : પરિવાર દ્વારા અનેકવાર પાલિકામાં રજુઆતો કરી છતાં પાલિકા ધ્યાને ના લીધું

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૧૯૭૪માં નવ નિર્માણનું આંદોલનમાં સાબરકાંઠાનો પ્રથમ અને પ્રાંતિજનો પનોતા પુત્ર શહીદ થતાં શહીદની યાદમાં સ્મારક બનાવવામાં આવ્યું હતું. પણ પ્રાંતિજ નગરપાલિકાના પાપે સ્મારક જગ્યા પણ હાલ ખુલી થઈ જઈ અને સ્મારકમાં લગાવેલ તકતીના ચાર ટુકડાઓ થઈ કચરામાં જતાં રહ્યાં હતા.

૧૯૭૪માં નવ નિર્માણનું આંદોલન શરૂ થયું હતું ત્યારે પ્રાંતિજનો ૨૪ વર્ષનો યુવાન તલોદ કોલેજમાં ગયો હતો તે દિવસે કોલેજ બંધનું એલાન હોવાથી રેલી યોજાઈ હતી. પોલિસ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રેલીને કચડી નાખવાના પ્રયાસ થયા હતા. પોલીસના હાથે ઝડપાઈ ન જવાય તે માટે ઉપેન્દ્ર કંસારાએ મહિયલ તળાવમાં ઝંપલાવ્યું હતું અને ૨૭મી જાન્યુઆરીના રોજ તેને નવનિર્માણમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ શહીદી વહોરી હતી. વીરશહીદ ઉપેન્દ્રની યાદમાં પ્રાંતિજના ભાંખરીયા વિસ્તારમાં આવેલ હાલના સુભાષ ચોકમાં તેનું સ્મારક બનાવાયું હતું, પરંતુ ક્યારેય પાલિકા, સત્તાળાઓકે રાજકારણમાં પોતાની ખીચડી પકવતાં શ્વેત વસ્ત્ર ધારી નેતાઓએ પ્રાંતિજના આ શહીદના સ્મારકની સંભાળ લેવાનું યાદ લીધી જ નથી. વીર શહીદ ઉપેન્દ્ર કંસારાના નાના

ભાઈ જશુભાઈ કંસારાએ પ્રાંતિજ નગર પાલિકા સામે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે પ્રાંતિજના લાડકવાયા પનોતા યુવાનને શહીદી વહોરવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું હતું.

શહીદ સ્મારક બનાવ્યાં પછી તે વિસ્તારને પણ ઉપેન્દ્ર ચોક નામ પણ અપાયું હતું પણ સમય જતાં તે જ સ્થળે સુભાષચંદ્ર બોઝની પ્રતિમા મુકાતા ચોકનું નામ પણ રાજકારણીઓએ બદલી નાખ્યું છે. શહીદ દિન નિમિત્તે પ્રાંતિજના આ શહીદને યાદ કરવાનું તો બાજુએ રહ્યું પરંતુ તેની યાદમા બનાયેલ સ્મારક હાલ તો આખુને આખું ગાયબ છે. ત્યારે તેના નાનાભાઈ જશુભાઈ કંસારા પાલિકા સામે રોષ ઠાલવી આવનાર દિવસમાં ફરી તેજ સ્થળે સ્મારક બનાવવામાં નહી આવે તો ગાંધી ચિન્યા ખાતે આંદોલનની ચિમકી આપી છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ઉગતું પાલિકાતંત્ર ક્યારે સફાળે જાગશે કે કેમ અને શહિદના પરીવારને ન્યાય મળશે કે શું એ તો હવે જોવું રહ્યું.

મોડાસાના નિર્માણધીન ન્યાય મંદિર સામે નગરપાલિકની ડમ્પિંગ સાઈટ હટાવવા કલેક્ટરને બાર.એસો દ્વારા આવેદનપત્ર

અરવલ્લી જિલ્લાના વડા મથક મોડાસા ખાતે ૪૦ કરોડના ખર્ચે નવીન બનેલા કોર્ટ બિલ્ડીંગ સામે જ નગરપાલિકા દ્વારા શહેરનો તમામ ગંદો ઘન કચરો ઠલવાય છે જેના કારણે આસપાસના પારાવાર ગંદકી સાથે દુર્ગંધ ફેલાય છે. કોર્ટ બિલ્ડીંગ સિવાયની અન્ય કચેરીઓ સુધી પણ પાલિકાના ઘન કચરાને કારણે દુર્ગંધ ફેલાય છે જેના કારણે ભારે રોગચાળો ફાટી નીકળવાની સંભાવના રહેલી હોવાથી ગુજરાત બાર એસોશિએશનના સદસ્ય હીરાભાઈ પટેલ ની આગેવાનીમાં જિલ્લાના તમામ એડવોકેટોએ નવી બની રહેલ કોર્ટ બિલ્ડીંગ આગળ ભેગા થઈ નગરપાલિકા સામે સુત્રોચાર કર્યા હતા અને ગંદકી દૂર કરવા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી ડમ્પિંગ સાઈટ અન્ય સ્થળે ખસેડવા રજુઆત કરી હતી.

લાખણી પંથકના ખેડુતોનો જીઈબી સામે આક્રોશ

બનાસકાંઠાના લાખણી પંથકના ખેડૂતોને વીજ વિભાગ દ્વારા

આડેધડ દંડ ફટકારતા ખેડૂતો રોષે ભરાયા હતા. દરમિયાન, રોષે ભરાયેલા કિસાનો પાલનપુર ખાતેની વીજ કંપનીની કચેરીએ રજૂઆત કરવા દોડી આવ્યા હતા. જોકે, ખેડૂતોએ આ સમગ્ર મામલે આગામી સમયમાં ઉગ્ર આંદોલનની પણ ચિમકી ઉચ્ચારી હતી.

બનાસકાંઠામાં કુદરત રૂઠી છે. વરસાદ થયો નથી ત્યારે પેટ્રોલ અને ડીઝલના વધતા જતા ભાવને લઈને મોંઘવારી પણ વધી રહી છે. એક તરફ બનાસકાંઠામાં વરસાદ નથી ત્યારે ખેડૂતોની હાલત કફોડી બની છે. પાણી વગર પાક સુકાઈ રહ્યા છે. ત્યારે પડતા પર પાટુ મારતા વીજ વિભાગ દ્વારા લાખણી પંથકના ખેડૂતોના કનેક્શન કાપી લીધા છે. બિલ ન ભરવાને કારણે કનેક્શન કપાયા છે જ્યારે પચાસ હજારથી માંડીને લાખ રૂપિયા સુધીનો દંડ પણ ખેડૂતોને ફટકારાયો છે. ત્યારે વરસાદ ન હોવાને લીધે અને મોંઘવારીને લીધે ખેડૂતો પિસાયા છે. જોકે ખેડૂત આ દંડ ભરી શકવાની સ્થિતિમાં જ નથી. ત્યારે ખેડૂતો આક્રોશ સાથે પાલનપુર વીજ વિભાગની કચેરીએ પહોંચ્યા હતા અને વીજ વિભાગના અધિકારીઓને દંડ ઘટાડો કરવાની રજૂઆત કરી હતી.

જોકે, બીજી તરફ વીજ વિભાગે જણાવ્યું હતું કે, ખેડૂતો ના બિલની રકમના ત્રીસ ટકા ભરાવાય છે. પરંતુ ખેડૂતોએ આખરે ત્રીસ ટકા પણ ન ભરતા વીજ વિભાગ દ્વારા ખેડૂતોને નોટિસો ફટકારાઈ હતી અને ખેડૂતોના કનેક્શન પણ કપાયા હતા. જોકે ખેડૂતોની માંગ છે કે તમામ વીજબિલ માફ કરી દેવાય પરંતુ સરકારના નીતિ નિયમ પ્રમાણે તમામ વીજબિલ માફ કરી શકાતું નથી તેવું જીઈબીના અધિક્ષક ઈજનેર એલ.એ.ગઢવી એ જણાવ્યું હતું.

એક તરફ લાખણી પંથકમાં ખેડૂતોના વીજ કનેક્શન કપાયા છે. અને મસમોટા બિલો પણ વીજ વિભાગ દ્વારા અપાયા છે. ત્યારે નહીંવત વરસાદને કારણે બેહાલ બનેલા ખેડૂતો હવે ઘેરી ચિંતામાં આવી ગયા છે. એક તરફ બનાસકાંઠામાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.ત્યારે હવે બનાસકાંઠાના ખેડૂતોના મામલે વીજ વિભાગ અને સરકાર શું કરે છે તે જોવું રહ્યું.

ધાનેરાના આલવાડા ગામ નજીક ભારત સરકાર લખેલી બોલેરો જીપના ચાલકે અકસ્માત સર્જ્યો

ધાનેરા તાલુકા ના આલવાડા ગામ નજીક ભારત સરકાર લખેલી બોલેરો જીપ ના ચાલકે રીક્ષા છકડો ને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો અને આ અકસ્માત માં ૬ લોકો ને ગંભીર ઈજા થવા પહોંચી છે ત્યારે તમામ ઘાયલો ને ૧૦૮ દ્વારા સારવાર અર્થે ધાનેરા ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે આગળ રીફર કર્યા

છે તો બીજી તરફ ભારત સરકાર લખેલી ગાડી માં ભેઠેલાં તમામ લોકો ગાડી મૂકી નાશી છૂટ્યા હતા.

ધાનેરા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં અકસ્માતો માં દિન પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આજે આલવાડા ગામે રહેતો ઠાકોર પરિવાર બીમારી ના કારણે પોતાના પરિવાર સાથે રીક્ષા માં બેસી દવાખાને જઈ રહ્યા હતા તે સમયે આલવાડા ગામ નજીક સામેથી ભારત સરકાર લખેલી બોલેરો ગાડી પુર ઝડપે આવી રહી હતી અને રીક્ષા ને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો અને આ અકસ્માત માં એક જ પરિવાર ના ત્રણ લોકો ને ગંભીર ઈજા પહોંચી હતી અને અન્ય ત્રણ લોકો ને પણ ઈજાઓ પહોંચી હતી આમ કુલ ૬ લોકો ઘાયલ થતા ઘટના સ્થળે લોકો ના ટોળેટોળા ઉમટી પડ્યા હતા ને ઘાયલ લોકો ને વાહન માંથી બહાર કાઢી ધાનેરા ૧૦૮ ને જાણ કાફી ત્યારે ૧૦૮ ના પાયલોટ હરેશ દવે અને ઇ એમ ટી શિવુંભા વાઘેલા તાત્કાલિક ઘટના સ્થલે દોડી ગયા હતા અને ઘાયલો ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડયા હતા ધાનેરા રેફરલ હોસ્પિટ ના તબીબ ડો.મિતેષ ડાભી દવરા તમામ ઘાયલો ને પ્રાથમિક સારવાર આપી હતી અને ત્રણ લોકો ની હાલત વધુ ગંભીર જણાતા આગળ રીફર કર્યા હતાભારત સરકાર લખેલી ગાડી નો ચાલક અકસ્માત સર્જી ગાડી મૂકી ત્યાંથી નાશી ગયો છે ત્યારે આ ગાડી ક્યાંની છે અને ક્યાં વિભાગ માંથી આવે છે તેની હજુ સુધી કોઈજ જાણ થઈ નથી પરંતુ આજે એક ગરીબ પરિવાર ને આ ગાડી ના લીધે મોટું નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

સાબરકાંઠામાં સિઝનલ ફ્લુના સાત કેસ નોંધાયા

જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના પગલા લેવાયા

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં તાજેતરમાં પડેલા વરસાદ બાદ અને બે ઋતુ ચાલતી હોવાને કારણે લોકો બિમારીમાં સપડાઈ રહ્યા છે. ત્યારે એક અઠવાડીયામાં સાબરકાંઠા જિલ્લામાં સીઝનલ ફ્લુના ૭ નવા કેસ નોંધાયા છે. જોકે આ રોગચાળો વધુ ન પ્રસરે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે.

આ અંગે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મજુબ દર વર્ષે ભાદરવા માસમાં પડતા વરસાદ તથા ઋતુ ફેરને કારણે લોકો બિમારીમાં સપડાય છે ત્યારે થોડાક દિવસ અગાઉ સમગ્ર જિલ્લામાં પડેલા વરસાદને કારણે અનેક લોકો તાવ, શરદી, ઉધરસ, મેલેરીયા સહિતના અન્ય રોગોમાં સપડાઈ રહ્યા છે.

દરમિયાન છેલ્લા એક અઠવાડીયામાં સાબરકાંઠાના ખાસ કરીને હિંમતનગર અને ઈડર તાલુકામાં મળી ૭ જણા સીઝનલ ફ્લુના શિકાર બન્યા છે. જેથી આ દર્દીઓને સારવાર માટે હિંમતનગર તથા અમદાવાદની હોસ્પિટલોમાં તેમના પરીવારજનો દ્વારા દાખલ કરાયા છે. જ્યાં તેમની તબિયત સુધારા પર હોવાનું આરોગ્ય વિભાગનું કહેવું છે.

વિભાગના જણાવાયા મુજબ ઈડર તાલુકાના ભાવનગર તથા બોલુન્દ્રના મળી ૨ પુરૂષો સીઝનલ ફ્લુનો ભોગ બન્યા છે. તેજ પ્રમાણે હિંમતનગરમાં એક ૪૨ વર્ષના તથા ૨૭ વર્ષના પુરૂષ અને બળવંતપુરા કંપાના ૪૦ વર્ષના પુરૂષને પણ સીઝનલ ફ્લુના લક્ષણો દેખાતા તેમને સારવાર માટે ખસેડાયા છે. સાથોસાથ તલોદ તાલુકાના મહિયલ ગામના એક ૮૦ વર્ષના પુરૂષ પણ સીઝનલ ફ્લુનો ભોગ બનતા તેમને સારવાર લેવાની ફરજ પડી છે.

ઉલ્લેખનીય છે અગાઉ સાબરકાંઠા જિલ્લામાં સીઝનલ ફ્લુના ૪ કેસ આરોગ્ય વિભાગના ચોપડે નોંધાયા હતા. દરમિયાન આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તાજેતરમાં પડેલા વરસાદ બાદ શક્યતઃ નવરાત્રી પછી જિલ્લામાં વધુ લોકો વિવિધ રોગના ભરડામાં સપડાય છે તે પાછળનું કારણ એ છે કે આગામી દિવસોમાં ધીરે ધીરે ચોમાસુ વિદાય લેશે તથા દિવસે ગરમી અને રાત્રે ઠંડી પડવાને કારણે લોકો રોગમાં સપડાય તેવુ ભુતકાળના અનુભવો પરથી જણાઈ રહ્યું છે.